૦/૬


# GUJMIN INDUSTRY ASSOCIATION

ESTD. 1962

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


તા. ૨૬-૦૬-૨૦૨૪

નં. ગુજમીન/માઇનિંગ ઇસ્યુ/૨૦૨૪/૪૫

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલેય,

ગાંધીનગર

વિષય: હરાજીથી ખનિજ સભર વિસ્તારના કંપોઝીટ લાઇસન્સ મંજૂર કરવા અંગે

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

પ્રશ્નની વિગત:

હરાજીથી ખનિજ સભર વિસ્તારના કંપોઝીટ લાઇસન્સ મંજૂર કરવા અંગે

ભારત સરકારશ્રીના ખાણ મંત્રાલય, ન્યુ દિલ્હીના જાહેરનામાં તા. ૧૪.૧૨.૨૦૨૧ થી Mineral (Evidence of mineral contents) Second Amendment Rules, 2021 થી સુંદર નિયમોના નિયમ: 7 ના પેટા નિયમ (૧) માં નીચે મુજબ ઉમેરો કરવામાં આવેલ છે. જે મુજબ (૧એ) કોઈ વ્યક્તિ કંપોઝીટ લાઇસન્સ મેળવવા માંગતા હોય તો આવા વિસ્તારને હરાજીથી કંપોઝીટ લાઇસન્સ મંજૂર કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા રાજ્ય સરકારશ્રીને નિયત પત્રક: ૩ સાથે ઉપલબ્ધ જીઓ સાયન્સ ડેટા સામેલ રાખી મોકલી આપવાનું રહે છે.

ESTD. 1962

આ અંગે રચાયેલ કમિટી દ્વારા કંપોઝીટ લાઇસન્સ મળવા પાત્ર છે કે નહીં તેની જાણ ૬૦ દિવસની સમય મર્યાદામાં રાજ્ય સરકારશ્રીને ભલામણ સહ મોકલી આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીએ ૬૦ દિવસમાં આ અંગે નિર્ણય લેવાનો રહે છે. પરંતુ આ સમય મર્યાદા કરતાં ઘણા લાંબા સમય સુધી હરાજીની પ્રક્રિયામાં સમય થતો હોય છે.

<u>અમારૂં સૂચન:</u>

ખનિજ સભર વિસ્તારમાં નવા બ્લોક હરજીમાં લાવવા માટે કંપોઝીટ લાઇસન્સની મળતી અરજીઓનો સમય મર્યાદામાં નિર્ણય કરવા સૂચન છે. જેથી ખનિજ સભર વિસ્તારોને ખાણ કામ હેઠળ લાવી શકાય.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,
ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી.

સી.એમ. દ્રિવેદી
પ્રમુખ

નકલ રવાના:
કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું,ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.